હુઆના ઈનેસનું પુસ્તકાલય
હુઆના ઈનેસની દુનિયા



પેટ મોરા ચિત્ર: બીએટ્રીઝ વિડાલ



હુઆના ઈનેસનું પુસ્તકાલય
હુઆના ઈનેસની દુનિયા



પેટ મોરા ચિત્ર: બીએટ્રીઝ વિડાલ



આભાર

હું બધા સોર હુઆનિસ્તાઓ (સિસ્ટર હુઆના ના પ્રશંસક), સોર હુઆનાનું અધ્યયન કરવાવાળા વિદ્વાનો, ખાસ કરીને માર્ગરેટ પેયડન પ્રતિ મારો આભાર વ્યક્ત કરવા ચાહું છું.



મારા પુસ્તકપ્રેમી બાળકો બિલ, લિબી અને સીસી માટે

- પી. એમ.

મારા માતા-પિતાને, જેમણે મને ગુલાબી પાંખ અને મધ આપ્યા

- બી. વી.





"હુઆના ઈનેસ," માઁ એ બૂમ પાડી. "તું શું કરી રહી છે?" હુઆનાએ એક મોટા પુસ્તકને બંધ કર્યું. એના દાદા પેડ્રો હંમેશા વાંચતા રહેતા હતા. અહીં, મેક્સિકો શહેર પાસે નવા સ્પેનમાં બનેલા એના ઘરમાં દાદા પેડ્રોને વાંચવાનો શોખ હતો. એના ઘરમાં અહીં-તહીં પુસ્તકોના ઢગલા હતા. હુઆના, દાદાના પુસ્તકોને ઉઠાવીને એનો પોતાનો માળો બનાવી લેતી હતી.

એ એને ખોલતી, પાના ફેરવતી, ચિત્રોને જોતી.

એ વાંચવા માટે બહુ નાની હતી. પણ એ જાણવા ચાહતી હતી કે એમાં લખેલા શબ્દો શું કહી રહ્યા છે.





હુઆનાનો જન્મ આજથી ઘણી શતાબ્દીઓ પહેલા 1648 માં થયો હતો. જયારે એ ત્રણ વરસની હતી ત્યારે એનો મનપસંદ સવાલ હતો "શા માટે?"

"જવાળામુખીમાંથી ધુમાડો કેમ નીકળે છે?" ઘરની બહાર રમતી વખતે પહાડોમાંથી નીકળતો ધુમાડો જોઈને એણે પૂછ્યું.

"મામા, પાંદડાઓ લીલા કેમ હોય છે?" નદી પાસે જંગલી ફૂલ ચૂંટતા હુઆનાએ પૂછ્યું. હુઆનાને એના ઘરમાં ઉગતા મુલાયમ પણ કાંટાળા ગુલાબ સૌથી સારા લાગતા હતા. એ એની આંગળીઓના ટેરવાથી એની ખુલેલી પાંખડીઓ અને ખૂંચનારા કાંટાને સહેલાવતી હતી. એના મીઠા ગુલાબીપણાને સૂંઘતી. એ ગુલાબને જોડકણાં પણ સંભળાવતી, "રોઝા હરમોસા, રોઝા હરમોસા" (સુંદર ગુલાબ, સુંદર ગુલાબ). એ શબ્દોની ધ્વનિઓ સાથે રમતી. એ પથ્થરિયા રસ્તે દોડતે સમયે ગાતી, "લુના, કુના. બેલ્લા, એસ્ટ્રેલ્લા" (ચંદ્રના પારણાં પર, સુંદર સિતારા).







એક સવારે હુઆના ઈનેસની મોટી બહેને કહ્યું, "હુઆના ઇનેસ, હું આજે તારી સાથે રમી નહીં શકું."

"કેમ?" હુઆના ઈનેસે જાણવા ચાહ્યું.

"હું પાડોશીના ઘરે વાંચતા શીખવા જવાની છું," એની બહેને જણાવ્યું. "હું દાદાજીની જેમ પુસ્તક વાંચીશ."

"હું પણ! મને પણ તારી સાથે આવવું છે!" હુઆના ઈનેસે કહ્યું.

"મામા મારે પણ વાંચતા શીખવું છે."

"પણ તું તો હજી બહુ નાની છે, હુઆના ઈનેસ," માઁ એ જવાબ આપ્યો.

રોજ હુઆના ઈનેસ અને એની માઁ એની બહેનને સ્કૂલ જતી જોતા.



એક દિવસ જયારે માઁ કોઈ બીજા કામમાં મશગુલ હતી, હુઆના ઈનેસ બહેનની પાછળ નીકળી પડી. એ સાવધાની થી ઝાડ અને ઝાડીની પાછળ લપાતી-છુપાતી જવા લાગી. જયારે સ્કૂલમાં ભણવાવાળી મોટી છોકરીઓ અંદર જતી રહી, ત્યારે હુઆનાએ પગના પંજા પર ઉભા રહીને બારીમાંથી ડોકિયું કર્યું.એણે છોકરીઓને વાંચતા અને લખતા જોઈ.





બીજે દિવસે હુઆનાએ એની બહેનનો ફરી પીછો કર્યો, પણ આ વખતે એ સંતાણી નહીં. એ સીધી અંદર શિક્ષિકા પાસે ગઈ અને બોલી, "સિનોરા, મને વાંચતા શીખવું છે, શું તમે મને વાંચતા શીખવાડશો?"

મોટી છોકરીઓ આ નાની છોકરીને જોઈને ખીખી કરવા લાગી. પણ શિક્ષિકાએ એને ધ્યાનથી જોઈ. પછી કહ્યું, "હા તું સ્કૂલ આવી શકે છે, હુઆના ઈનેસ, પણ તારે ધ્યાનથી ભણવું પડશે અને સારું વર્તન કરવું પડશે."

"હું કાચબાની જેમ શાંત છું," હુઆના એ કહ્યું.

"તારે પહેલા અક્ષર શીખવા પડશે, એ, બી, સી, ડી, ..." શિક્ષિકાએ કહ્યું.

"કેમ?" હુઆનાએ તરત એનો મનપસંદ સવાલ કર્યો.

"આપણે અક્ષરોથી જ શબ્દ બનાવીયે છીએ. આ જો આર-ઓ-એસ-એ, રોઝા." હુઆના ઈનેસે રોઝા એટલે ગુલાબ ના અક્ષરોને જોયા. એ એને મુલાયમ લાલ પાંખડી જેવા લાગ્યા.





ઘરે આવીને હુઆનાએ વારે-વારે અક્ષર લખ્યા. એણે વાંચવાનું ચાલુ કર્યું અને લખવાનું પણ. અને એ જોડકણાં પણ કરવા લાગી. "મામા શું હું તમારા

જન્મદિવસ માટે એક ગાયન લખું? હું એમાં લખીશ કે તમે એક સુંદર તારા જેવા ચમકો છો, ઉના એસ્ટ્રેલા બેલા, અથવા કે તમે એક સુંદર ગુલાબ જેવું સ્મિત કરો છો, ઉના રોઝા હર્મોસા. હા!"

મી મામા એસ ઉના એસ્ટ્રેલા બેલા,

મી મામા એસ ઉના રોઝા હર્મોસા.

બપોરના જમવામાં હુઆના ઈનેસને ગરમાગરમ ટોરટીઆ સાથે

ચીઝ ધીમે-ધીમે ચાવવાનું પસંદ હતું.

"ચીઝ નહીં ખા હુઆના ઈનેસ, જે લોકો ચીઝ ખાય છે એ ચતુર નથી હોતા. એના મગજમાં ચીઝ જઈને જામી જાય છે," સ્કૂલમાં હુઆનાની એક સખીએ કહ્યું.

એ દિવસે હુઆના ઈનેસે એની માઁ અને દાદાને કહ્યું, "હવેથી હું ચીઝ નહીં ખાઉં, એ મારા મગજ માટે ખરાબ છે."


દાદા હસ્યા. "એ તને કોણે કહ્યું?" એણે પૂછ્યું.


"મારી સખીએ," હુઆનાએ જવાબ આપ્યો. "હું ચીઝ નહીં ખાઉં, મામા, કારણકે હું ભણવા માટે મેક્સિકો શહેર જવા ચાહું છું."

"મેક્સિકો શહેર!" એની માઁ એ કહ્યું.

"હા, મારી શિક્ષિકા એ કહ્યું છે કે ત્યાં એક મોટું વિશ્વવિદ્યાલય છે. એના પુસ્તકાલયમાં હજારો પુસ્તકો છે. જરા વિચારો તો!"

"વિશ્વવિદ્યાલયમાં ફક્ત છોકરાઓ જ જઈ શકે છે, હુઆના ઈનેસ," એની માઁ એ કહ્યું.






આગલી રાત્રે હુઆના છોકરાના કપડાં પહેરીને જમવા આવી. "હુઆના ઈનેસ!" માઁ એ ખિજાઈને કહ્યું. "આ તું શું કરી રહી છે?"

"પૂર્વપ્રયોગ કરી રહી છું, જે થી મોટી થઈને મેક્સિકો શહેરના વિશ્વવિદ્યાલયમાં ભણવા જઈ શકું. હું એના પુસ્તકાલયમાં જવા ચાહું છું. હું સંગીત અને વનસ્પતિ અને તારાઓ વિષે વાંચવા ચાહું છું. હું કવિતાઓ લખવા ચાહું છું. તમે તો જાણો છો, મામા, છોકરીઓ છોકરા જેટલી જ ચતુર હોય છે."



"હુઆના ઈનેસ, તું ગુલાબના કાંટા જેટલી જ હઠીલી છે. છેલ્લી વાર કહી રહી છું, ફક્ત પુરુષો જ વિશ્વવિદ્યાલયમાં જઈ શકે છે," માઁ એ દ્રઢ અવાજમાં કહ્યું. "તું ભાગ્યશાળી છે જેને અત્યારથી વાંચતા-લખતા આવડે છે. છોકરીઓએ ઘરકામમાં મદદ કરવી જોઈએ."

"પણ મામા, છોકરીઓ કાતવા અને સીવવાથી વધારે કરી શકે છે," હુઆના એ દલીલ કરી. "અમે ભણી શકીયે છીએ, અને જે કંઈ અમે જાણ્યું અને શીખ્યું છે એને સાબિત કરી શકીયે છીએ."






જયારે હુઆના આઠ વરસની થઈ, ત્યારે એક દિવસ એ દોડીને ઘરમાં આવી અને બોલી, "મામા, જુઓ તો! મેં ચર્ચની પ્રતિયોગિતામાં સૌથી સારી કવિતા લખી અને મને ઇનામ મળ્યું - એક પુસ્તક! હવે હું મારુ પુસ્તકાલય બનાવી શકું છું."

પુસ્તકો હુઆનાની શિક્ષિકાઓ હતા. મહિનાઓના મહિનાઓ એ દાદાના પુસ્તકો વાંચતી રહી અને વારે-વારે કહેતી રહી, "પોર ફેવોર મામા! મહેરબાની કરીને મને ભણવા માટે મેક્સિકો શહેર જવા દો."

આખરે જયારે એ દસ વરસની થઈ ત્યારે એની માઁ એ એને એના માસા-માસી પાસે મેક્સિકો શહેર મોકલી દીધી.







એક મોટા શહેરમાં આવવાનું કેટલું ઉત્તેજનાપૂર્ણ હતું! હુઆનાએ જાત-જાતના લોકોને જોયા, ઘણી ભાષાઓ સાંભળી, અને જ્યારે એ મહેલ અને વિશ્વવિદ્યાલય પાસેથી નીકળી તો એણે ખુશીથી સ્મિત કર્યું. એણે જે કંઈ જોયું એના વિષે એક કવિતા લખી. "ટિયા મારિયા," એણે એની માસીને કહ્યું, "ટાન્ટો ક વેરા! કવે વોય આ સેર? આટલું બધું જોવાનું છે. હું આખરે શું બનું?"



કેમકે છોકરીઓ વિશ્વવિદ્યાલયમાં ભણી શકતી ન હતી, હુઆનાના ના માસી-માસાએ ઘરે આવીને ભણાવવા માટે એક ખાનગી શિક્ષક રાખ્યો. "સેનોર, હું ચર્ચમાં લેટિન સાંભળું છું, શું તમે મને લેટિન શીખવાડશો?" હુઆનાને થોડા સમયમાં બીજી ભાષાઓ પણ શીખવાની ઈચ્છા થઈ. એણે સ્વયં કરતા એના પુસ્તકોની વધારે કાળજી લીધી. એ એના માથા પર ટકોરા મારીને કહેતી, "મારા મસ્તકના બહારના ભાગને કેમ સજાવું, જો અંદરનો ભાગ ખાલી હોય?"



નિરંતર બધું જાણવા ઉત્સુક હુઆના ના મગજમાં સવાલો ઉમટ્યા કરતા હતા. "આટલા મોટા ચર્ચ કેવી રીતે બનાવ્યા હશે? પેલા લોકો કઈ ભાષા બોલી રહ્યા છે?" જયારે એણે લાંબા લિબાસમાં નન ને જોઈ, તો એણે માસીને પૂછ્યું, "ટિયા મારિયા, નન શું કરે છે? શું એ કોન્વેન્ટમાં આખો દિવસ અધ્યયન કરી શકે છે, અને લખી-વાંચી શકે છે?"

જયારે હુઆના એની માસી સાથે મહેલની સામેથી ચાલીને નીકળી, તો હુઆના એ પૂછ્યું, "આ મહેલમાં કોણ રહે છે? એ અંદર શું કરે છે?"

"અંદર બાગ-બગીચા છે," માસીએ જણાવ્યું, "અને એક પુસ્તકાલય પણ. ત્યાં વાઇસરોય અને એની પત્ની રહે છે. એ આવેલા મહેમાનો ને મળે છે, અને સ્પેનના રાજાને પત્રો મોકલે છે. ત્યાં કવિ પણ આવે છે અને સરસ નાટક ભજવાય છે અને સંગીત સભાઓ આયોજિત કરવામાં આવે છે."

"હું ત્યાં રહેવા ચાહું છું!" હુઆનાએ કહ્યું. "હું નાટક અને ગીત લખી શકું છું. ઉન કાંટો લેસ કાંટો. હું ગાઇને ગીત સંભળાવી શકું છે. હું મન લગાવીને ખૂબ અભ્યાસ કરીશ," હુઆના ઈનેસે કહ્યું. "અને ત્યારે હું જન્મદિવસ અને ઉત્સવો માટે મારા પરિવાર માટે લખું છું એનાથી વધારે સારી કવિતાઓ લખીશ. અને ટિયા, પછી હું મોટા પુસ્તકાલયમાં વાંચી શકીશ."





હુઆનાએ મન લગાવીને અધ્યયન કર્યું અને જયારે એ પંદર વરસની થઈ ત્યારે એના માસી-માસા એને મહેલમાં લઈ ગયા. "અચ્છા તો તું જ એ છોકરી છે જે ઘણા પુસ્તકો વાંચે છે અને સુંદર કવિતાઓ લખે છે," વાઇસરોયની પત્નીએ કહ્યું. "તું ગુલાબની કળી જેવી સુંદર છે, હુઆના ઇનેસ. શું તું અહીં મહેલમાં રહીને મારી સહાયિકા બનવા ચાહીશ?"

હુઆના ના ગાલ લાલ થઈ ગયા કારણકે એને લાગ્યું કે બધા એને જોઈ રહ્યા છે.

જે સવારે એ મહેલના મોટા પુસ્તકાલયમાં ગઈ, એ ફરી એકવાર કાચબા ની જેમ ચૂપ હતી. આખરે! આટલા બધા પુસ્તકો! એક મોટો ઓરડો ખજાનાથી ભરેલો હતો. હવે એ રોજ આવીને દરેક પ્રકારના પુસ્તકોને અડી શકતી હતી, અને ધીમેથી એના શીર્ષક વાંચી શકતી હતી. એણે પંચાંગો અને તારાઓ વિષે, બાઇબલમાં આવતી સ્ત્રીઓ વિષે પુસ્તકો વાંચ્યા અને ગ્રીક અને રોમન વાર્તાઓ વાંચી.






હુઆનાએ નાટક અને ગીતો લખ્યા.થોડા સમયમાં ઘણા લોકોને ખબર પડી ગઈ કે એને શબ્દો સાથે રમત કરવી ગમે છે. એ એની પાસે આવતા અને પોતાને માટે કવિતાઓ અને ઉખાણાં લખવાનું કહેતા. એણે ગુલાબને ધ્યાનથી જોયા પછી કહ્યું, "એના કાંટા એના ખૂંચવાવાળા શાહી અંગરક્ષક છે." એ હજી જિજ્ઞાસુ હતી.

"મને નવાઈ લાગે છે કે ગુલાબને એના છોડ પરથી કાપ્યા પછી વધારે કેમ જીવે છે?"

એ હસીને હાંસી ઉડાવતા કહેતી, "જો પુરુષો ખાવાનું બનાવતા શીખી લે તો એ વધારે સારી કવિતા કરતા થઈ જાય."

મને ફક્ત તમારી આંખોથી સાંભળો,
કારણકે કાન સાંભળી શકતા નથી બહુ દૂર નો અવાજ,
મારી કલમને સાંભળો, એનો કણસાટ પણ,
જુદાઈની કડવી વેદના ના પડઘાને સાંભળો,
અને કેમકે તું મારી કર્કશ ધૂન ને પકડી નહીં શકે,
વણસાંભળ્યું કરીને સાંભળ, એ દર્દને જે મટી ગયું છે.





એક દિવસ વાઇસરોયે કહ્યું, "હુઆના ઇનેસ, હું વિદ્વાનોને કહું છું કે તું કેટલી ચતુર છે, પણ એ મારો વિશ્વાસ નથી કરતા. હું ઈચ્છું છું કે તું એ સાબિત કર. મેં ચાલીસ વિદ્વાનોને આવવા માટે અને તને સવાલ-જવાબ કરવા માટે આમંત્રિત કર્યા છે. મારા દરબારી પણ હાજર રહેશે અને ચર્ચા ના સાક્ષી બનશે."



"જો તમે એ ચાહો છો, સેનોર, તો ભલે," હુઆનાએ કહ્યું. "મારું મગજ આમ પણ સવાલોથી ભરેલું રહે છે. હું જયારે ત્રણ વરસની હતી, ત્યારથી એ સવાલોના જવાબ શોધવા વાંચી રહી છું."

"ત્રણ વરસની?" વાઇસરોયની પત્નીએ પૂછ્યું.

"જી," હુઆના હસી. "હું મારી મોટી બહેનની પાછળ-પાછળ સ્કૂલ પહોંચી ગઈ હતી."

હુઆના વિચારવા લાગી કે વિદ્વાન એને શું પૂછશે. એનું મગજ ભાષાઓ, નામો, સંખ્યાઓ અને સંગીતથી ભરેલું હતું.







વિદ્વાન એના કાળા, લાંબા ડગલા પહેરીને આવ્યા. એ બહુ ગંભીર દેખાતા હતા. એમણે હુઆનાને ત્રિકોણો, ચિત્રો, મશહૂર પુરુષો, અને સૂરજની ગતિ વિષે સવાલો પૂછ્યા.

હુઆનાએ દરેક સવાલના જવાબ આપ્યા. જયારે વિદ્વાનો

પૂછી ચુક્યા, ત્યારે એમણે હકારમાં માથું હલાવ્યું. હુઆનાએ સ્મિત કર્યું અને કહ્યું, "હા, છોકરીઓ કાતવા-સીવવા સિવાય પણ કંઈક કરી શકે છે. અમે ભણી શકીયે છીએ, અને અમે જે જાણીયે છીએ એને સાબિત પણ કરી શકીયે છીએ." વાઇસરોયની પત્નીએ એને આલિંગન આપ્યું અને એક સુંદર ગુલાબ આપ્યું.



હુઆનાને મહેલમાં રહેવું પસંદ હતું, અને ત્યાં બનાવેલા મિત્રો પણ પસંદ હતા. પણ એ વધારે શીખવાનું ચાલુ રાખવા માંગતી હતી. એને વિચારવા માટે અને કલમથી લખવા માટે એકાંત જોઈતું હતું. એટલે એણે નન (સાધ્વી) બનવાનો નિર્ણય કર્યો. એણે એનું નામ બદલીને ઇનેસ દે લા ક્રૂઝ રાખ્યું. એને કોન્વેન્ટની શાંતિ ગમવા લાગી. એણે એના પુસ્તકાલયમાં એટલા પુસ્તકો ભેગા કર્યા, કે એ અમેરિકાનું સૌથી મોટું પુસ્તકાલય બની ગયું. એના લાંબા ચોગામાં એ પ્રાર્થના કરતાં, અધ્યયન કરતાં, પત્રો લખતા, ધર્મગીત, નાટક અને કવિતાઓ લખતાં. એના મિત્રો એને મળવા આવતા. એ એની સાથે હસતાં, વાતો કરતાં, ઉખાણાં પૂછતાં.



"આ લો સોર (સિસ્ટર) હુઆના ઇનેસ," એના સારા મિત્રોએ એક દિવસ કહ્યું. "અમેરિકાની એક પ્રમુખ કવિયત્રીનું પુસ્તક છે." સોર હુઆનાએ ધીમેથી પુસ્તક ઉપર લપેટેલો કાગળ કાઢ્યો. મુખપૃષ્ઠ પર એનું જ નામ હતું! એણે પુસ્તક બંને હાથોથી પકડયું અને છાતીસરસું ચાંપ્યુ. એ રાતે સોર હુઆનાએ એના પુસ્તકાલયમાં પોતે લખેલું પુસ્તક પણ ઉમેર્યું.




લેખકની કલમથી

કવિયત્રી, મહિલા શિક્ષણની હિમાયતી, બુદ્ધિજીવી, નાટકકાર, પર્યાવરણવિદ, હાજરજવાબી, સત્તરમી સદીની મૈક્સિકી લેખિકા હુઆના રેમિરેઝ દેસ અસબાને, જે સોર હુઆના ઇનેસ તરીકે જાણીતા હતા, હું એની ઉપર ફિદા છું. આપણે આ અસાધારણ પ્રતિભાશાળી બાલિકા વિષે ફક્ત થોડા તથ્યજ જાણીયે છીએ. એ સાન મીગ્યુએલ દે નેપાંટલાના એક ગ્રામીણ વિસ્તારમાં, એ સમયે જન્મી હતી જયારે સ્પેઇનના શાસક દ્વારા નિયુક્ત વાઇસરોય મેક્સિકોનું રાજ ચાલવતા હતા.

એના શબ્દો જ્ઞાન પ્રત્યેનો એનો ગહન પ્રેમ અને એના જિજ્ઞાસુ મગજને પ્રગટ કરે છે. બારોક શૈલીમાં રચેલી એની કવિતાઓ બહુ લોકપ્રિય હતી. એને ચિત્રકામ, સંગીત વગાડવું, વૈજ્ઞાનિક ઉપકરણો ભેગા કરવાનું, વાંચવાનું, અને એના વિશાળ અને વિખ્યાત પુસ્તકાલયના હજારો પુસ્તકોનું અધ્યયન કરવાનું પસંદ હતું. જયારે મેક્સિકોમાં પ્લેગ ફેલાયો, ત્યારે સોર હુઆનાએ રોગી નનોની દેખભાળ કરી.પણ એ એ પોતે પણ એ મહામારીનો ભોગ બન્યા. 17 એપ્રિલ 1695 માં એનું મૃત્યુ થઈ ગયું.

આ મૈક્સિકી પ્રતિભા અને મેક્સિકોની ફિનિક્સ (એ જાદુઈ પક્ષી જે બળી ગયા પછી ફરી સજીવન થાય છે) નું ચિત્ર મેક્સિકોની મુદ્રા પર છપાયેલું છે. એના શબ્દ હિસ્પાની બોલવાવાળા દુનિયાના બાળકો અને વયસ્ક કંઠસ્થ કરીને સંભળાવ્યા કરે છે. સોર હુઆના: લેટિન અમેરિકાની પ્રથમ મશહૂર મહિલા કવિયત્રી.





પેટ મોરા જે એની કવિતાઓ, હકીકતલક્ષી અને બાળકોના પુસ્તકો માટે મશહૂર છે, એ એની સાથી કવિયત્રી હુઆના ઇનેસની પ્રશંસક છે. એને નેશનલ એન્ડોવમેન્ટ ફોર આર્ટસ પોએટ્રી ફેલોશીપ તથા કેલોગ રાષ્ટ્રીય ફેલોશીપ મળી ચુક્યા છે.એણે કિશોરો માટે પણ અદ્ભૂત પુસ્તકો લખ્યા છે, જેમાં તોમાસ એન્ડ ધ લાઈબ્રેરી લેડી સામેલ છે.

એ મૂળભૂત રીતે એલ પાસો ટેક્સાસથી છે. એ બહુ-સાંસ્કૃતિક શિક્ષાના હિમાયતી છે, અને દેશભરમાં યાત્રાઓ કરીને બોલે છે. એ એનો સમય દક્ષિણ-પશ્ચિમ તથા કેન્ટકી વચ્ચે વિતાવે છે.



બીએટ્રીઝ વિડાલે કાચ, બારીક બ્રશ અને પાણીના રંગોની મદદ થી બનાવેલા ચિત્રોથી હુઆના ઇનેસની વાર્તાને જીવંત બનાવી છે. એનું કલાકૌશલ્ય એવા પ્રકારનું છે જેનો ઉપયોગ સેંકડો વર્ષો પહેલા હસ્તલિખિત પાંડુલિપિને ચિત્રિત કરવા માટે કરવામાં આવતો હતો. કુમારી વિડાલ ઘણા સમયથી સોર હુઆના ઇનેસ તથા એની કવિતાઓની પ્રશંસક રહી છે. એ આર્જેન્ટિનામાં જન્મી હતી. એણે ઘણા સુંદર બાલ-પુસ્તકોને ચિત્રિત કર્યા છે, જેમાં નેન્સી વેન લાનની રચનાઓ ધ લેજેન્ડ ઓફ એલ ડોરાડો તથા રેન્બો ક્રો સામેલ છે. એના ચિત્રોનો ઉપયોગ પીબીએસ કાર્યક્રમ તથા યુનિસેફના કાર્ડ પર પણ કરવામાં આવ્યો છે. એ ન્યૂયોર્ક શહેર માં રહે છે અને પેરિસ અને આર્જેન્ટિનામાં પણ સમય વિતાવે છે.